


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 271
Dt.: 05-08-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ટેરિફથી આવક અંગે ટ્રમ્પની મોટી જાહેરાત

## અમેરિકા કરોડો ડોલર કમાશે, જેનાથી અમે દેવું ચૂકવીશું

### ટ્રમ્પે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, અમે લોન ચૂકવવા જઈ રહ્યા છીએ, અમારી પાસે ઘણી આવક થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત અનેક દેશો પર લાદેલા રેસિપ્રોકલ ટેરિફનો બચાવ કરતાં કહ્યું કે, આ પગલું અનેક વર્ષો પહેલાં જ લઈ લેવાનું હતું. આ ટેરિફથી થતી કમાણીથી અમેરિકાનું દેવું ચૂકવીશું.

ટ્રમ્પે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, અમે લોન ચૂકવવા જઈ રહ્યા છીએ, અમારી પાસે ઘણી આવક થઈ રહી છે. દેશમાં અત્યારસુધી થયેલી કુલ કમાણી કરતાં વધુ. અમે જે કરી રહ્યા છીએ, તેની પાછળનો એક ઉદ્દેશ દેવામાં ઘટાડો કરવાનો છે. અમારે આ પગલું ઘણા વર્ષો પહેલાં જ લઈ લેવુ હતું. મેં મારા પ્રથમ કાર્યકાળમાં ચીન પર ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. જો કે, તે સમયે કોવિડના કારણે હું અન્ય પર આ પગલું લઈ શક્યો નહીં. અમેરિકન પ્રમુખે કહ્યું કે, 'મને કોઈ પણ પ્રકારનું દબાણ નથી જોઈતું, હું ન્યાય અને પારદર્શિતા ઈચ્છું છું. અમે જ્યાં પણ અને જેટલું શક્ય હોય ત્યાં પરસ્પર લાભ ઈચ્છીએ છીએ. ક્યારેક, તેનો ખૂબ લાભ પણ મળે છે. ટેરિફથી ખૂબ મોટી રકમ એકઠી થશે અને હું ફક્ત એટલું જ કહી શકું છું કે, આપણો દેશ સેંકડો અબજો ડોલર કમાશે.' ટ્રમ્પે આ વર્ષે જાન્યુઆરીમાં અમેરિકાના પ્રમુખ તરીકે શપથ લીધા બાદ બીજી વખત વ્હાઈટ હાઉસ પરત ફર્યા હતાં. તેમણે અમેરિકાની આર્થિક નીતિમાં કેટલાક મોટા ફેરફાર કર્યા. ટ્રમ્પે તે દેશોને સજા કરવાનો નિર્ણય લીધો જે એકપક્ષીય ટેરિફ લાદી રહ્યા હતા અને જે દેશો પારસ્પરિક ટેરિફ માટે સંમત થયા હતા તેમની પાસેથી મોટાપાયે છૂટછાટો મેળવી હતી.

અમેરિકાના પ્રમુખે ૨ એપ્રિલના રોજ એવા દેશોની આયાત પર ૫૦ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી જેમની સાથે અમેરિકાની વેપાર ખાધ વધુ છે. આ સાથે, તમામ દેશો પર ૧૦ ટકાનો બેઝલાઈન ટેરિફ પણ લાદ્યો. તેમણે વેપાર ખાધને રાષ્ટ્રીય કટોકટી તરીકે જાહેર કરવા માટે ૧૯૭૭ના કાયદાનો ઉલ્લેખ કર્યો, જે તેમના વ્યાપક આયાત કરને યોગ્ય ઠેરવે છે.

જો કે, આ મોટા ફેરફારથી અમેરિકા સહિત વિશ્વભરમાં હાહાકાર મચ્યો હતો. અંતે ટ્રમ્પે અન્ય દેશો સાથે ટેરિફ મુદ્દે વાટાઘાટો કરવા રેસિપ્રોકલ ટેરિફના અમલીકરણમાં ૯૦ દિવસની ડેડલાઈન આપી હતી. ટ્રમ્પે ૬૯ દેશો પર ૧૦ થી ૫૦ ટકા સુધીના ટેરિફ લાદ્યો છે. જેમાં સીરિયા પર ૪૧ ટકા, કેનેડા પર ૩૫ ટકા, બ્રાઝિલ પર ૫૦ ટકા, ભારત પર ૨૫ ટકા, સ્વિટ્ઝર્લૅન્ડ પર ૩૯ ટકા અને તાઈવાન પર ૨૦ ટકા અને ભારત પર ૨૫ ટકા ટેરિફ સમાવિષ્ટ છે.

અમેરિકાએ અગાઉ પાકિસ્તાન પર ૨૯ ટકા ટેરિફ લાદ્યો હતો, જે બાદમાં ક્રૂડ ડીલના કારણે ઘટાડી ૧૯ ટકા કર્યો હતો.



### સુપ્રીમ કોર્ટે લગાવી ફટકાર, રાહુલ ગાંધીને પુછ્યું

## આપને કેવી રીતે ખબર પડી ચીને ભારતની જમીન પર કર્યો કબ્જો?

### જ્યારે સરહદ પર તણાવની સ્થિતિ હોય છે, ત્યારે કોઈ સાચો ભારતીય આવી વાત નહીં કહેઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે લખનૌ કોર્ટમાં સેના વિશે વાંધાજનક ટિપ્પણી કેસમાં રાહુલ ગાંધી વિરુદ્ધ ચાલી રહેલી કાર્યવાહી પર સ્ટે મુકી દીધો છે. સોમવારે (૪ ઓગસ્ટ, ૨૦૨૫) કોર્ટે કેસ રદ કરવાની માંગ પર ફરિયાદી અને યુપી સરકારને નોટિસ મોકલી હતી. વર્ષ ૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જેમાં કહ્યું હતું કે, ચીની સૈનિકો ભારતીય સૈનિકોને માર મારી રહ્યા છે. આ અંગે લખનૌની એમપી ધારાસભ્ય કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ



કરવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક રસપ્રદ ટિપ્પણી કરતા કહ્યું કે, તમે વિપક્ષના નેતા છો. તમે સંસદમાં પ્રશ્નો ઉઠાવવાને બદલે સોશિયલ મીડિયા પર કેમ બોલ્યા? તમને કેવી રીતે ખબર પડી કે ચીને ૨૦૦૦ કિમી જમીન પર કબજો કરી લીધો છે. જ્યારે સરહદ પર તણાવની સ્થિતિ હોય છે, ત્યારે કોઈ સાચો ભારતીય આવી વાત નહીં કહે.

જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ કેસની સુનાવણી કરી રહી હતી. કોર્ટે કહ્યું કે જો તેમણે પ્રશ્નો ઉઠાવવા જ હતા, તો તેમણે સંસદમાં ચર્ચા કરવી જોઈતી હતી કે સોશિયલ મીડિયા પર લખવાની શું જરૂર હતી. કોર્ટે રાહુલ ગાંધીને કહ્યું કે જો તેમને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર છે, તો તેનો અર્થ એ નથી કે તેઓ કંઈ પણ કહેશો. કોર્ટે રાહુલ ગાંધીને એમ પણ પૂછ્યું કે શું તેમણે કરેલી ટિપ્પણીઓ કોઈ વિશ્વસનીય માહિતી પર આધારિત છે.

અલ્હાબાદ હાઈકોર્ટે ૨૯ મેના રોજ રાહુલ ગાંધીની અરજી ફગાવી દીધી હતી. રાહુલ ગાંધીએ સમન્સના આદેશ અને ફરિયાદને પડકારતા કહ્યું હતું કે તે દ્વેષથી પ્રેરિત છે. ફરિયાદી ઉદય શંકર શ્રીવાસ્તવે અહીંની એક કોર્ટમાં દાખલ કરેલી પોતાની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે ડિસેમ્બર ૨૦૨૨ ની ભારત જોડો યાત્રા દરમિયાન ગાંધીએ ચીન સાથે સરહદી ગતિરોધના સંદર્ભમાં ભારતીય સેના વિશે ઘણી અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી.

### ગાઝામાં વધુ ૨૩ના મોત નિપજ્યા

## ભોજનની રાહ જોતી ભીડ પર અંધાધૂંધ ગોળીબાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

ગાઝા પટ્ટીમાં રવિવારે ભોજનની શોધમાં નીકળેલા એક જૂથના લોકોને ઈઝરાયલના સૈનિકોએ ગોળીથી વિંધી નાખ્યા હતા. ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઈનના લોકો પર ઈઝરાયલના સૈનિકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૩ લોકોના મોત થયા હતા. હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આ અંગે માહિતી આપી હતી.

ભોજન લેવા આવેલા પ્રત્યક્ષદર્શી યુસુફ આબેદે જણાવ્યું કે, અમે ભોજન લેવા આ ભોજન વિતરણ કેન્દ્ર પર આવ્યા હતા. જ્યાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થવા લાગ્યો હતો. અમે આમ-તેમ દોડવા લાગ્યા, અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જમીન પર થોડી જ ક્ષણોમાં ચારે બાજુ લાશોના ઢગલાં જોવા મળ્યા હતા. મૃતદેહોની આસપાસ લોહીના ખાબોચિયા થયા હતા.

ભીષણ ગોળીબારના કારણે કોઈ

**ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઈનના લોકો પર ઈઝરાયલના સૈનિકોએ અંધાધૂંધ ગોળીબાર**

મદદે આવી શક્યું નહીં.

દક્ષિણ ગાઝાની નાસેર હૉસ્પિટલના વહીવટીતંત્રે જણાવ્યું કે, અનેક ભોજન વિતરણ કેન્દ્રો પર ઈઝરાયલની સેના દ્વારા હુમલા થયા હતા. તૈના વિસ્તારમાંથી આઠ જણ મૃત્યુ પામ્યા. શાકૂશમાં એકને ગોળી વાગતાં મોત થયું હતું. જ્યારે મોરાગ કોરિડોરમાં અંધાધૂંધ ગોળીબારના કારણે નવ લોકોના મોત થયા. આ સિવાય ઈઝરાયલની સરહદમાં થઈને ગાઝા આવી રહેલા ટ્રકની રાહ જોઈ રહેલા લોકો પર પણ હુમલો થતાં અંદાજે ૨૩ લોકોના મોત થયા હતા. સેન્ટ્રલ ગાઝામાં આવેલી હોસ્પિટલના વહીવટી તંત્રે પણ જણાવ્યું હતું કે, રવિવારે (૩ ઓગસ્ટ) ઈઝરાયલની સેનાએ જીએચએફના ચોથા અને ઉત્તરીય ભોજન વિતરણ કેન્દ્ર પર ભીડ પર ખુલ્લેઆમ ફાયરિંગ કર્યું હતું. સૈનિકો આ પ્રકારનું કૃત્ય કરી લોકોને ધમકાવી રહ્યા છે કે, કાં તો ભાગી જાવ અથવા તો ગોળી ખાવ. જેમાં અમુક લોકોને ઠાર પણ કરી રહ્યા છે. નેત્ઝરિમ કોરિડોર નજીક જીએચએફ કેન્દ્ર પર પાંચ લોકોને ઠાર કર્યા હતાં. જ્યારે ૨૭ ઘાયલ થયા હતાં.

યુએનના રિપોર્ટ અનુસાર, ૨૭ મેથી ૩૧ જુલાઈ દરમિયાન જીએચએફ (ભોજન વિતરણ કેન્દ્રો)માં ઈઝરાયલી સેનાના ગોળીબારમાં કુલ ૮૫૯ લોકો મોતને ભેટ્યા છે. હજારો લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલ હમાસને ઘૂંટણિયે લાવવા ભોજન વિતરણ કેન્દ્રોને ટાર્ગેટ બનાવી રહ્યું છે. યુએન સહિત વિવિધ દેશો સીઝફાયર કરવા અપીલ કરી રહ્યા છે. પરંતુ ઈઝરાયલ અને હમાસે આ મુદ્દે હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી.

### ગુજરાતના વાર્ષિક બજેટથી પણ બમણી

## દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ઝડપાઈ રૂ.૭ લાખ કરોડની GST ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના કર માળખામાં પારદર્શિતા તેમજ કરચોરી અટકાવવા લાગુ કરવામાં આવેલી વન નેશન વન ટેક્સ સિસ્ટમ જીએસટીમાં જ ચોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ (જીએસટી)ના ફિલ્ડ અધિકારીઓએ દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી શોધી કાઢી છે. જેમાં રૂ. ૧.૭૯ લાખ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ફ્રોડ પણ સામેલ હોવાનું આજે લોકસભામાં જણાવવામાં આવ્યું હતું.

નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આંકડાઓ રજૂ કરતાં કહ્યું કે, ૨૦૨૪-૨૫માં રૂ. ૨.૨૩ લાખ કરોડની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી છે. છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં દેશમાં કુલ રૂ. ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી થઈ હતી. જે ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલા તેના વાર્ષિક બજેટ કરતાં બમણી છે. નોંધનીય છે, ગુજરાત સરકારે ૨૦૨૪-૨૫માં રૂ. ૩.૩૨ લાખ કરોડ અને ૨૦૨૫-૨૬ માટે રૂ. ૩.૭૦ લાખ કરોડનું બજેટ ફાળવ્યું હતું. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસટી ચોરીના નોંધાયેલા કુલ ૩૦૦૫૬ કેસમાંથી ૧૫૨૮૩ કેસ આઈટીસી (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) ફ્રોડના હતાં. જેમાં રૂ. ૫૮૭૭૨ કરોડની આઈટીસી ચોરી થઈ હતી. ૨૦૨૩-૨૪માં પણ સીજીએસટીના ફિલ્ડ અધિકારીઓએ રૂ. ૨.૩૦ લાખ કરોડની જીએસટી ચોરી પકડી પાડી હતી. જેમાં રૂ. ૩૬૩૭૪ કરોડનું આઈટીસી ફ્રોડ સામેલ હતું.

જીએસટીના અમલીકરણને કુલ આઠ વર્ષ થયા છે. કર નીતિઓને સરળ બનાવવા તેમજ પારદર્શિતા વધારવા ૨૦૧૭માં લાગુ જીએસટીમાં ફ્રોડનું પ્રમાણ પણ સમય જતાં વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષની તુલના કરીએ તો જીએસટી કલેક્શનની સાથે સાથે જીએસટી ચોરીનો આંકડો પણ ૧ લાખ કરોડની સપાટી વટાવી ગયો છે. સાથે સાથે ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટનું પ્રમાણ પણ વધ્યું છે. ચૌધરીએ જીએસટી ચોરી વિશે આંકડાઓ રજૂ કરતાં અંતે કહ્યું હતં કે, કેન્દ્ર સરકાર અને જીએસટીએન આ ટેક્સ ચોરીને અટકાવવા માટે વિવિધ પગલાં લઈ રહી છે. જેના માટે ઈ-ઈનવોઈસિંગ, જીએસટી એનાલિટિક્સ મારફત ડિજિટાઈઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. સિસ્ટમ-ફ્લેગ મિસમેચના આધાર પર આઉટલેયરને ઉજાગર કરવુ, સ્ક્રૂટિની માટે રિટર્નની પસંદગી અને કાર્યવાહી વિશે જાણકારી આપવી, તેમજ જોખમના વિવિધ માપદંડો પર ઓડિટના આધારે કરદાતાઓની પસંદગી કરવી વગેરે સામેલ છે. આ પગલાંઓ જીએસટી ચોરી કરનારાઓ પર અંકુશ લાદી પકડી પાડે છે.

### બાંકે બિહારી મંદિર કમિટીને સુપ્રીમ કોર્ટે તતડાવી

## મંદિર ખાનગી હોઈ શકે છે, પરંતુ ભગવાન દરેકના છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે વૃંદાવનમાં બાંકે બિહારી મંદિરના સંચાલન અને તેની આસપાસના વિસ્તારના વિકાસ પર દેખરેખ રાખવા માટે નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશની આગેવાની હેઠળ એક સમિતિ બનાવવાનો સંકેત આપ્યો છે. આ સાથે આગળની સુનાવણી મંગળવારે ૫ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે. મંદિર વ્યવસ્થાપન સમિતિએ મંદિરના સંચાલન અંગે રાજ્ય સરકારના વટહુકમનો વિરોધ કરતી અરજી દાખલ કરી છે. સમિતિએ ૧૫ મેના રોજ સુપ્રીમ કોર્ટના નિર્ણયનો પણ વિરોધ કર્યો છે, જેમાં રાજ્ય સરકારને બાંકે બિહારી કોરિડોર બનાવવા માટે મંદિરના ભંડોળનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ શ્યામ દીવાને કહ્યું કે, બાંકે બિહારી મંદિર એક ખાનગી મંદિર છે. ધાર્મિક પ્રવૃત્તિઓ અને સંચાલન અંગે બે જૂથો વચ્ચે વિવાદ હતો. રાજ્ય સરકારે સત્તા વિના તેમાં દખલ કરી છે. તે આ મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ ગયા અને કોરિડોર માટે મંદિરના ભંડોળનો ઉપયોગ કરવાનો આદેશ મેળવ્યો હતો. આ પછી, તેણે ઉતાવળમાં એક વટહુકમ પણ બહાર પાડ્યો હતો. પરિણામ એ આવ્યું કે, સદીઓથી મંદિરની સ્થાપના અને તેનું સંચાલન કરનારા ગોસ્વામીઓ સંચાલનથી બહાર થઈ ગયા છે. શરૂઆતમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે મંદિર સમિતિને તીખા પ્રશ્નો પૂછ્યા હતા. કોર્ટે કહ્યું કે, મંદિર ખાનગી હોઈ શકે છે, પરંતુ ભગવાન દરેકના છે. લાખો ભક્તો ત્યાં આવે છે. મંદિરના ભંડોળનો ઉપયોગ ભક્તોની સુવિધા અને સુરક્ષા સંબંધિત વિકાસ માટે કેમ ન કરી શકાય? તમે શા માટે ઈચ્છો છો કે, બધું ભંડોળ તમારા ખિસ્સામાં જાય? સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે, અરજદારે રાજ્ય સરકારના કાયદાને હાઈકોર્ટમાં પડકારવો જોઈએ. કોર્ટના કઠોર પ્રશ્નોના જવાબમાં દીવાને કહ્યું કે, અસલ વાત એ છે કે, અમને સાંભળ્યા વિના સુપ્રીમ કોર્ટમાંથી આવો આદેશ કેવી રીતે આવ્યો? મામલો કંઈક બીજો હતો, જેમાં અચાનક આદેશ આવ્યો કે, મંદિરના ભંડોળનો ઉપયોગ કોરિડોર બનાવવા માટે કરવામાં આવે. આ વાત સાથે સંમત થતાં તેમણે કહ્યું કે, કોઈ સ્થળનો વિકાસ એ સરકારની જવાબદારી છે. જો તેને જમીન સંપાદન કરવી હોય, તો તે પોતાના પૈસાથી તે કરી શકે છે. લગભગ ૫૦ મિનિટ સુધી ચાલેલી સુનાવણી બાદ, ન્યાયાધીશોએ સંકેત આપ્યો કે ૧૫ મેના આદેશને પાછો ખેંચી શકાય છે. હાલમાં, મંદિરના સંચાલન માટે નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી શકાય છે. તેમાં જિલ્લા મેજિસ્ટ્રેટનો પણ સમાવેશ કરવામાં આવશે.




# તંત્રી લેખ......

## મધ્યપ્રદેશમાં ચોમાસું કાળ સાબિત થયો

મધ્ય પ્રદેશમાં છેલ્લા લગભગ ૪૦ દિવસમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં થયેલા ભારે વરસાદના ભયાનક આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે આ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં ૨૫૨ લોકોનાં મોત થયા છે, જ્યારે વરસાદી વાતાવરણમાં ૪૩૨ પશુઓ પણ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૩૬૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી મોહન યાદવે તાજેતરમાં રાજ્યમાં થયેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ તથા રાહત-બચાવ કાર્યો અંગે જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીને જણાવવામાં આવ્યું કે, વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૩૬૨૮ નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. હાલમાં, ૫૩ રાહત શિબિરો ચલાવવામાં આવી રહી છે, જેમાં ૩૦૬૫ અસરગ્રસ્ત લોકોને રાખવામાં આવ્યા છે. તેમને ભોજન, પાણી, દવાઓ અને કપડાં જેવી તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. બેઠકમાં મુખ્યમંત્રી મોહન યાદવે અધિકારીઓને સૂચના આપી કે, ભારે વરસાદ કે પૂરથી અસરગ્રસ્ત લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થવી જોઈએ. સર્વે જલદી પૂરો કરીને પીડિતોને તેમના નુકસાનનું યોગ્ય વળતર આપવામાં આવે. બેઠક પછી, મુખ્યમંત્રી ડૉ. યાદવે જણાવ્યું કે ભારે વરસાદવાળા જિલ્લાઓના કલેક્ટરો દ્વારા અત્યાર સુધીમાં ૨૮.૪૯ કરોડ રૂપિયાની રાહત રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. સરકારે રાહત કાર્ય માટે લગભગ ૩૬૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રી મોહન યાદવે એમ પણ જણાવ્યું કે, ભારે વરસાદને ધ્યાનમાં રાખીને દ્ગઢઈહ્લની ટીમોને ભોપાલ, ગ્વાલિયર, જબલપુર અને ધારમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે SDRFની ટીમોને રાજ્યભરમાં સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૨ લોકોનાં મોત થયા છે. જેમાં ભારે વરસાદથી ૪૭, નદી-નાળામાં ડૂબી જવાથી ૧૩૨, વીજળી પડવાથી ૬૦ અને દીવાલ/મકાન/ઝાડ પડવાથી ૧૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત, ૪૩૨ પશુઓ અને ૧૨૦૦ મરઘીઓ પણ મૃત્યુ પામ્યા છે.

બચાવ અને રાહત ટીમ દ્વારા કુલ ૪૩૨ રેસ્ક્યુ ઑપરેશન હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ૩૬૨૮ નાગરિકો અને ૯૪ પશુઓને જીવતા બચાવવામાં આવ્યા છે. વરસાદના કારણે ૧૨૮ મકાનો સંપૂર્ણપણે અને ૨૩૩૩ મકાનોને આંશિક નુકસાન થયું છે. મધ્યપ્રદેશ સરકારના આંકડા મુજબ, અત્યાર સુધીમાં રાજ્યમાં ૭૧૧.૩ MM વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૫૯% વધુ છે. રાજ્યના કુલ ૪૦ જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો છે. આ અતિવૃષ્ટિને કારણે લગભગ ૨૫૪ ગ્રામીણ રસ્તાઓને નુકસાન થયું છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૮૭૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૪૦૫નો ઉછાળોઃ ક્રૂડ તેલ રૂ.૮૩ લપસ્યું

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૩૬૩.૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૯૩૦૬.૫૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૬૬૭.૪૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૨૫૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૩૬૭૧.૨૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૩૬૩.૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૯૩૦૬.૫૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૯૦.૫૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૬૬૭.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૬૪૯ અને નીચામાં રૂ.૯૯૯૩૯ના મથાળે અથડાઈ, રૂ.૯૯૭૫૪ના આગલા બંધ સામે રૂ.૮૭૬ના ઉછાળા સાથે રૂ.૧૦૦૬૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૮૫ વધી રૂ.૮૦૩૪૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૪ વધી રૂ.૧૦૦૬૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૨ વધી રૂ.૧૦૦૦૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૭૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૨૦૦ અને નીચામાં રૂ.૯૯૪૯૨ના મથાળે અથડાઈ, રૂ.૯૯૪૩૬ના આગલા બંધ સામે રૂ.૭૫૪ વધી રૂ.૧૦૦૧૯૦ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૦૫૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૨૧૮૩ અને નીચામાં રૂ.૧૧૦૫૭૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૨૫૮ના આગલા બંધ સામે રૂ.૧૪૦૫ના ઉછાળા સાથે રૂ.૧૧૧૬૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૩૪૦ વધી રૂ.૧૧૧૫૩૬ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૩૧૮ વધી રૂ.૧૧૧૫૦૭ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૯૬૭.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૬ વધી રૂ.૮૮૫.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૨ વધી રૂ.૨૬૪.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૨૫૧.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૭૫ પૈસા વધી રૂ.૧૮૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૧૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૭૬ અને નીચામાં રૂ.૪૪૬૫ના મથાળે અથડાઈ, રૂ.૮ વધી રૂ.૪૪૭૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૮૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૪૪ અને નીચામાં રૂ.૫૭૯૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૮૭ના આગલા બંધ સામે રૂ.૮૩ ઘટી રૂ.૫૮૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૮૧ ઘટી રૂ.૫૮૦૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૨૬૯.૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૨૬૯.૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૩૨ના ભાવે ખૂલી, રૂ.૨૦.૧ વધી રૂ.૯૪૬.૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૨૩૪.૬૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૪૩૨.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૯૭.૦૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૯.૧૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬.૪૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૫.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૦.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૯૧.૪૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૭.૩૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૭૭૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૧૫૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૮૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૫૨૭૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૪૯૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૩૦૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૩૭૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૧૫૪૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૭૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૯૯૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૩૦૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૮૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૨૬૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૧૮૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૬૪ પોઈન્ટ વધી ૨૩૨૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૭ ઘટી રૂ.૧૨૮.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ ઘટી રૂ.૧૪.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૩ વધી રૂ.૯૫૪.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૪.૫ વધી રૂ.૧૩૬૭.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૮ વધી રૂ.૧૩.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા વધી રૂ.૧.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૧ ઘટી રૂ.૧૨૯.૬૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૪.૮ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૩.૫ વધી રૂ.૧૪૪૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૬ વધી રૂ.૧૪૬૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૭ વધી રૂ.૧૭૪.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા વધી રૂ.૧૬.૧૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૬ ઘટી રૂ.૭૭૭ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૪.૫ ઘટી રૂ.૧૭૧૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૮.૫ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૧.૭૫ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૫૫ વધી રૂ.૧૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૧૬.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૫ ઘટી રૂ.૫૭૦.૫ થયો હતો.

### આજથી RBIની ત્રણ દિવસની બેઠક

## તહેવારો પહેલા હોમ લોન અને વાહનોની EMIમાં રાહતની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની દ્વિમાસિક બેઠક આજથી શરુ થઈ છે. ૬ ઑગસ્ટના રોજ આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રા રેપો રેટ મુદ્દે જાહેરાત કરશે. મોટાભાગના નિષ્ણાતો માને છે કે, આરબીઆઇ વર્તમાન પરિબળોને ધ્યાનમાં રાખતા વ્યાજના દરમાં ઘટાડો કરી શકે છે. અમેરિકાએ હાલમાં જ ભારતની નિકાસ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, અમેરિકાના ટેરિફના કારણે નિકાસ પ્રભાવિત થઈ શકે છે. સમગ્ર આર્થિક ગતિવિધિઓ મંદ થાય તેવી ભીતિ વચ્ચે આરબીઆઇ પાસે ઓછામાં ઓછા ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો કરવાનો વિકલ્પ છે. જો વ્યાજના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો તો હોમ લોન અને ઓટો લોનધારકોને મોટી રાહત મળશે. એમસીએલઆર રેટ પર લોન લેનારાઓ પર ઈએમઆઈનો બોજો ઘટશે. એસબીઆઇ રિસર્ચ રિપોર્ટમાં જણાવ્યું છે કે, મોંઘવારીમાં ઘટાડો તેમજ વૈશ્વિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં આરબીઆઇ દ્વારા રેપો રેટમાં ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો થઈ શકે છે. જેનાથી ઈકોનોમી ગ્રોથ વેગવાન બનશે. જો વ્યાજદરમાં ઘટાડો થાય તો ક્રેડિટ ગ્રોથને વેગ મળશે. વધુમાં તહેવારોની શરુ થઈ રહેલી સીઝનનો પણ લાભ મળશે. ઐતિહાસિક ધોરણે ફેસ્ટિવ સીઝન શરુ થાય તે પહેલાં જ વ્યાજના દરોમાં ઘટાડો કરવામાં આવે છે. જેથી ક્રેડિટ ગ્રોથને વેગ મળે છે. આરબીઆઇ પોલીસી મેકર્સ પણ ઇતિહાસને જાળવી રાખતાં આગળ વધશે. રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે આરબીઆઇ પોલીસી મેકર્સે કામગીરીમાં વિલંબ કરી વર્તમાન અસરકારક તકોને ગુમાવવી જોઈએ નહીં. બેકલોડિંગ અથવા ટાઇપૈં ભૂલો કરવાનો કોઈ અર્થ નથી. કેરએજ રેટિંગ્સ અનુસાર, અનુકૂળ આધાર અને ખાદ્ય ઉત્પાદનોના ભાવમાં ઘટાડાને કારણે આગામી બે ત્રિમાસિકમાં ભારતનો મુખ્ય ફુગાવાનો દર રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના ૪ ટકાના લક્ષ્યાંકથી નીચે રહેવાની ધારણા છે.

## મામાની ઘરે આવેલ ભાણિયાને રખડતા કૂતરાઓએ ફાડી ખાધો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

છોટાઉદેપુરમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. બોડેલી તાલુકાના ધનપુર ખોસ વસાહત ખાતે એક બાળકને રખડતા શ્વાને ફાડી ખાધો. જેમાં બાળકનું મોત નિપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બોડેલીના પાવીજેતપુરના રતનપુરમાં રહેતી ઉષાબેન તેના ૩ વર્ષના બાળક વંશ સાથે પિયર આવ્યા હતા. ગઈકાલે સાંજના સમયે દીકરો વંશ મામાના ઘર પાસે રમી રહ્યો હતો. ત્યારે અચાનક રખડતા શ્વાને બાળક પર હુમલો કર્યો હતો. તેને ગળાના ભાગ પકડી દૂર સુધી લઈ ગયો હતા.

આ બાબતની લોકોને જાણ થતાં લોકોએ તેની શોધખોળ કરી હતી. જેમાં નર્મદાની મુખ્ય કેનાલ પાસેથી બાળક મળી આવ્યો હતો. જોકે, ઘટના સ્થળ પર બાળકનું મોત થયું હતું.

### 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન'

# ગુજરાતમાં અત્યારસુધીમાં પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ વિક્રમજનક ૧.૯૪ કરોડથી વધુ બેંક ખાતા ખોલાયા

## હવે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવવા રાજ્યની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતમાં VCE મદદરૂપ થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના દરેક નાગરિક માટે વિવિધ બેંક્કિંગ સેવાઓની સાર્વત્રિક સુવિધા સુનિશ્ચિત કરવા માટે સૌ પ્રથમ પ્રધાનમંત્રી જન ધન યોજના- PMJDY હેઠળ ઝીરો બેલેન્સથી બેંક ખાતું ખોલાવાના અભિયાનનો દેશભરમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં અત્યારસુધીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં PM જન ધન યોજના હેઠળ વિક્રમજનક કુલ ૧.૯૪ કરોડથી વધુ બેંક ખાતા ઝીરો બેલેન્સથી ખોલીને શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા સામાન્ય નાગરિકને બેંક્કિંગ સુવિધા સાથે જોડવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો છે.

વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા તા. ૦૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી ત્રણ મહિના માટે વિશેષ રીતે નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત ગુજરાત સહિત દેશભરમાં 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તેમજ અટલ પેન્શન યોજના અંતર્ગત બેંક્કિંગ, વીમા અને પેન્શન યોજનાઓની ઘર આંગણે નજીવા દરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને જરૂરિયાત નાગરિકોને આર્થિક અને સામાજિક સલામતી પૂરી પાડવામાં આવી રહી છે.

કેન્દ્રની આ યોજનાઓનો લાભ રાજયના છેવાડાના નાગરિકને ઘર આંગણે વિનામૂલ્યે મળી રહે તે માટે રાજ્યની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતો તથા શહેરી સ્થાનિક સંસ્થાનોમાં આ અભિયાન ચાલી રહ્યું છે. જેમાં મદદરૂપ થવા સેવારત ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-VCEને આ જવાબદારી આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તાજેતરમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ જે નાગરીકોને બેંકમાં ખાતું ના હોય તો ખોલાવવા ઉપરાંત KYC તેમજ જે ખાતામાં વારસદારોની નોંધણી બાકી હોય તેમાં નોંધણી કરાવવી, ડિજિટલ છેતરપિંડી નિવારણ, બેંકમાં દાવા વગરની થાપણો અંગે વિવિધ જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સંદર્ભે વધુ વિગતો માટે નજીકની બેંક શાખા, બેંક મિત્ર કે VCEને સંપર્ક કરવાનો રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા 'વિકસિત ભારત'ના વિઝન અંતર્ગત 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન'ને ગુજરાતમાં સફળ બનાવવા રાજ્ય સ્તરીય પ્રારંભ ગત તા. ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાંથી કરાયો હતો. જેનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. PMJDY યોજના અંતર્ગત ૧૦ વર્ષ અને તેથી વધુ ઉંમર ધરાવતા તેમજ બેંક ખાતું ના હોય તેવા તમામ ભારતીય નાગરિકો ઝીરો બેલેન્સથી મૂળભૂત બચત બેંક થાપણ તેમજ નાનું ખાતું ખોલાવી શકે છે. ઝીરો બેલેન્સ ખાતું હોવાથી તેમાં કોઈ લઘુતમ બેલેન્સ જરૂરી હોતું નથી. ખાતેદારે ATM અને PoS ઉપયોગ માટે રૂપે-RuPay ડેબીટ કાર્ડ આપવામાં આવે છે. આ RuPay કાર્ડ ધારક કાર્ડનો ઉપયોગ ૯૦ દિવસમાં ઓછામાં ઓછો એકવાર કરે તો તેને રૂ. ૦૨ લાખનું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે. વધુમાં ૦૬ મહિના સંતોષકારક સંચાલન પછી ખાતેદારને રૂ. ૧૦,૦૦૦ સુધીના ઓવરડ્રાફ્ટની સુવિધા પણ આપવામાં આવે છે. આ ઉપરાંત ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર-DBT હેઠળ LPG સબસિડી, પેન્શન, મનરેગા વેતન અને વિવિધ શિષ્યવૃત્તિ સીધી ખાતેદારના ખાતામાં જમા કરવી, મોબાઈલ અને UPI સપોર્ટ જેવી અનેકવિધ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે જેનો પાત્રતા ધરાવતા તમામ નાગરીકોએ લાભ લેવા નાણા વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

- જનક દેસાઈ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## સંસદ નજીક મોર્નિંગ વૉક વખતે મહિલા સાંસદની સોનાની ચેઈન લૂંટાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં હવે નેતાઓ પણ સુરક્ષિત રહ્યા નથી અને તેમની સુરક્ષા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સોમવારે (ચોથી ઓગસ્ટ) સવારે દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં કોંગ્રેસના સાંસદ સુધા રામકૃષ્ણનના ગળામાંથી અજાણ્યો શખસ સોનાની ચેઈન ખેંચીને ફરાર થઈ ગયો હતો. આ મામલે દિલ્હી પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અહેવાલો અનુસાર, સોમવારે સવારે કોંગ્રેસ સાંસદ સુધા રામકૃષ્ણન મોર્નિંગ વૉક માટે ગયા હતા. આ દરમિયાન બદમાશો આવ્યા અને તેમની ચેઈન છીનવીને ફરાર થઈ ગયા હતા. આ ઘટના પછી, તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને એક પત્ર પણ લખ્યો છે. જેમાં તેમણે લખ્યું- સ્કૂટર પર સવાર એક શખસે મારી ચેઈન છીનવી લીધી હતી. તેણે હેલ્મેટથી ચહેરો છુપાવ્યો હતો.' દિલ્હીના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, 'આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. આરોપીઓને શોધવા અને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ કરવામાં આવી રહી છે.' નોંધનીય છે કે આ ઘટના સંસદની ખૂબ જ નજીકના વિસ્તારમાં બની હતી.

ઉલ્લેખનીય છે કે, હાલમાં સંસદનું સત્ર ચાલી રહ્યું છે અને આવા સમયે આ વિસ્તારમાં સુરક્ષા અત્યંત કડક હોય છે. તેમ છતાં ચેઈન સ્નેચિંગ ઘટના બની હતી. આ ઘટના બાદ દિલ્હીમાં નેતાઓની સુરક્ષા પર સવાલો ઊભા થઈ રહ્યા છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચના જંબુસરમાં નિર્માણાધિન બલ્ક ડ્રગ પાર્કની કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના જંબુસરમાં ૮૧૫ હેક્ટર(૨૦૧૫ એકર) વિસ્તારમાં નિર્માણ પામી રહેલા બલ્ક ડ્રગ પાર્કની સ્થળ મુલાકાત લઈને ત્યાં થઈ રહેલી વિવિધ નિર્માણ કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૨૦૨૦માં જાહેર કરેલી બલ્ક ડ્રગ પાર્ક પોલિસી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આ બલ્ક ડ્રગ પાર્ક આધુનિક ઈન્ટ્રાસ્ટ્રક્ચર સાથે દવાઓના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા વધારવાના હેતુસર GIDC દ્વારા જંબુસરમાં નિર્માણ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાઓની તેમની મૂલાકાત દરમિયાન જે તે જિલ્લામાં નિર્માણાધિન મહત્વના પ્રોજેક્ટ્સની કામગીરીના નિરીક્ષણનો જે ઉપક્રમ હાથ ધર્યો છે તે સંદર્ભે આ બલ્ક ડ્રગ પાર્કની મૂલાકાત લીધી હતી. તેમણે બલ્ક ડ્રગ પાર્કમાં વૃક્ષારોપણ પણ કર્યુ હતું.મુખ્યમંત્રીશ્રીએ આ પાર્કની મુલાકાત દરમિયાન જે કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે તેની પ્રગતિનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. બલ્ક ડ્રગ પાર્કને મુખ્ય માર્ગ-રસ્તાને જોડતી કનેક્ટિવિટી માટે એપ્રોચ રોડ, કમ્પાઉન્ડ વોલ, ઈન્ટરનલ રોડ તથા પ્રી-કાસ્ટ વરસાદી પાણીની ગટર, ઈન્ટરનલ પાણી પુરવઠા વ્યવસ્થા અને એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ સહિતની ચાલી રહેલી કામગીરી વિશે મુખ્યમંત્રીશ્રીએ માહિતી મેળવીને જરૂરી સૂચનો કર્યા હતા. આ કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા અને અન્ય સુવિધાઓનો વિકાસ રૂ. ૫૫૦ કરોડના ખર્ચ થઈ રહ્યા છે. આ સમગ્ર પ્રોજેક્ટ અંદાજે રૂ. ૩૯૨૦ કરોડના ખર્ચે આકાર પામશે અને સંભવતઃ માર્ચ-૨૦૨૭ સુધીમાં પૂર્ણ થઈ જશે તેની વિગતો મુખ્યમંત્રીશ્રીને આ મૂલાકાત દરમિયાન આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે આ મૂલાકાત વેળાએ ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી, જી.આઈ.ડી.સી.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રીમતી પ્રવિણા ડી. કે., ભરૂચ



જિલ્લા કલેક્ટર શ્રી ગૌરાંગ મકવાણા, જી.આઈ.ડી.સી.ના ચીફ ઈજનેર શ્રી મેણાત અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# જગદીપ ધનખડ પછી કોણ બનશે ઉપરાષ્ટ્રપતિ ? ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતનુ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચર્ચાતુ નામ




પ્રતિનિધિ,ગાંધીનગર

જગદીપ ધનખડના રાજીનામા બાદ થી આગામી ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે તે અંગે ઘણી ચર્ચાઓ થઈ રહી છે ? ભારતીય ચુંટણીપંચ એ ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને રીટર્નીંગ ઓફીસરની નિમણુંક કરી છે અને મતદાનની તારીખ પણ જાહેર કરી છે. પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે સત્તાધારી પક્ષ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોણ હશે ?

ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી ઉપરાષ્ટ્રપતિ પદની ચુંટણી માટે ઉમેદવારની જાહેરાત કરી નથી પરંતુ એવુ કહેવામાં આવી રહ્યુ છે કે પાર્ટીએ આ મુદ્દા પર વિચાર વિમર્શ શરૂ કરી દીધો છે. મીડીયા રીપોર્ટસમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ભાજપ જાટ જગદીપ ધનખડને બદલે જાટ નેતાને મેદાનમાં ઉતારી શકે છે. જો ઉમેદવારની પસંદગીમાં જાટ સમુદાયની લાગણીઓને પ્રાથમિકતા આપવામાં આવે તો ભાજપ ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતને તક આપી શકે છે.

સંસદના ચોમાસુ સત્રના દિવસે અચાનક ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામુ આપનાર જગદીપ ધનખડ રાજસ્થાનના જાટ સમુદાયમાંથી આવે છે. આચાર્ય દેવવ્રત પણ જાટ સમુદાયના છે અને હરીયાણાથી આવે છે હરીયાણામાં પણ જાટ સમુદાયે લાંબા સમયથી જનાદેશ નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવી છે.

આચાર્ય દેવવ્રતનો જન્મ ૧૮ જાન્યુઆરી ૧૯૫૯ ના રોજ પંજાબ(હવે હરીયાણા) ના સમાલખા માં થયો હતો. તેઓ આર્ય સમાજના ઉપદેશક છે અને હરીયાણાના કુરૂક્ષેત્રમાં એક ગુરૂકુળના આચાર્ય તરીકે પણ કામ કરી ચુકયા છે. તેમની પાસે હિન્દી અને ઈતિહાસમાં અનુસ્નાતક ડીગ્રી છે.

આ સાથે તેમણે યોગ વિજ્ઞાનમાં ડીપ્લોમાં અને નેચરોપેથી અને યોગીક વિજ્ઞાનમાં ડોકટરેટ પણ મેળવ્યુ છે. તેઓ કુદરતી ખેતી, પર્યાવરણીય સંરક્ષણ, સ્વચ્છતા અને કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા જેવા સામાજિક કાર્ય સાથે પણ સંકળાયેલા છે. આચાર્ય દેવવ્રત હાલમાં ગુજરાતના રાજયપાલ તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે ૨૨ જુલાઈ ૨૦૧૯ના રોજ આ પદ સંભાળ્યુ હતું.

# બેંક કેશીયર પરિણીતાને પતિ સહિત સાસરીયાઓનો ત્રાસ : પોલીસ ફરીયાદ નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં રહેતી અને બેંકમાં કેશીયર તરીકે નોકરી કરતી પરિણીતાને પતિ સહિત સાસરીયા ત્રાસ આપતા હોવા સહિતની બાબતે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. ફરીયાદમાં સસરાએ બેડરૂમમાં સીસીટીવી કેમેરા ફીટ કરાવી ખરાબ નજર રાખતા હોવાનો અને પતિ નશો કરી ગળા ચીપ આપી મારી નાખવાનો પ્રયાસ કર્યાનુ જણાવતા પોલીસે ગુન્હો નોંધ્યો છે.

મળતી માહિતી પ્રમાણે કે વી સર્કલની બાજુમાં શીવાલીક એપાર્ટમેન્ટમાં રહેતા મીરાબેન રોનકભાઈ ચાવડા (ઉ.વ.૩૩) એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં પતિ રોનક ચાવડા, સસરા રમેશભાઈ ચાવડા, સાસુ સુધાબેન, નણંદ હીરલબેન તમામ રહે. મહેસાણા, મોટી નણંદ બીજલબેન રહે. અમદાવાદ નાઓના નામ લખાવ્યા છે.

ફરીયાદમાં જણાવ્યુ છે કે હું બાલાજી હોલ પાસે આવેલી એકસીસ બેંકની બ્રાન્ચમાં કેશીયર તરીકે નોકરી કરૂ છુ, વર્ષ ૨૦૨૦ માં રોનક ચાવડા સાથે પ્રેમ સંબંધ હોવાથી બંનેના પરીવારની સંમતિથી વર્ષ ૨૦૨૨ ના રોજ લગ્ન કર્યા હતા.

લગ્ન બાદ પતિ તથા સાસુ સસરા સાથે સંયુકતમાં રહુ છુ, લગ્નના થોડા સમય બાદ પતિ તેમજ બંને નણંદ અને સાસુ સસરા પાંચેય મળી નાની નાની વાતમાં ઝઘડો કરતા હતા. સાસુ સસરા કહેતા હતા કે અમારા ઘરમાં તમારા બ્રાહ્મણ જ્ઞાતિના પીયરના રીતરીવાજ નહી ચાલે, અમારા ઘરના જ નિયમ ચાલશે, રોજે રોજ ઘરકામની બાબતમાં ઝઘડો કરી તુ કામચોર છો, કહી ગેર સભ્યતાથી વર્તન કરતા અને તારા મા બાપમાં સંસ્કાર નથી, જેથી તારામાં સંસ્કાર આવ્યા નથી, તેવુ કહી માતા પિતાને ગાળો આપતા હતા. તુ દહેજમાં કંઈ લાવી નથી અને માતા પિતા પાસેથી ઈલેકટ્રોનીકસ વસ્તુ લાવવા દબાણ કરતા હતા, પીયરમાંથી કોઈપણ ઘરે આવે ત્યારે પતિ તથા સાસુ સસરા તેની સાથે ઝઘડો કરતા અને મારા મમ્મી ઘરે આવ્યા ત્યારે પતિએ ઘરે આવવાની ના પાડી, તમારે તમારી દિકરીને મળવુ હોય તો બહાર મળી લેવુ અને હવે પછી આ ઘરમાં કયારેય આવતા નહી, હું ઘર ખર્ચના પૈસા કે કરીયાણુ લઈ આવવાનુ કહુ તો ના પાડી દેતા અને પોતાના પૈસાથી લાવવાનુ કહેતા હતા, મને નોકરી મળ્યા બાદ પતિ અને સાસુ સસરા સતત પૈસાની માંગણી કરતા હતા.

ઘણીવાર પતિ નશો કરીને ઘરે આવતા અને નશો કરવાની ના પાડુ તો બોલાચાલી કરી ઢોર માર મારી મને ગળા ચીપ આપવાનો પ્રયાસ કર્યો હતો.

સાસુ સસરા પણ ત્યાં હાજર હોય અને તે પણ ઝઘડો કરતા અને સાસુ સસરા જયારે બહાર ગામ જાય ત્યારે તે ઘરના દરવાજે લોક મારીને જતા રહે છે અને હાલમાં પણ હું નોકરી પરથી પાછી આવુ ત્યારે દરવાજો ખોલતા ન હોય જેથી પોલીસની મદદ લેવી પડે છે.

વધુમાં જણાવ્યુ હતુ કે સાસુ સસરાએ સોનાના દાગીના તથા તેના ડોકયુમેન્ટ પણ મારી ગેરહાજરીમાં કબાટમાં લઈ લીધા હતા. જયારે એકલી ઘરે હોય ત્યારે સસરા તેની સાથે ખરાબ નજર રાખી અભદ્ર વર્તન કરતા હતા અને બેડરૂમની અંદર પણ સીસીટીવી કેમેરા લગાવ્યા હતા અને સસરાએ ન્યુઝ પેપરમાં આપેલ કે, મારે મારા દિકરા રોનક સાથે કોઈ સંબંધ નથી, અને ઘરમાંથી બે દખલ કરેલ છે છતાં તેના પતિ જયારે હું ઘરે ન હોય ત્યારે આવે છે, મોટી નણંદ બીજલબે રાઠોડ અને નાની નણંદ હીરલબેન ટાંક ઘણીવાર ઘરે આવે ત્યારે સાસુ સસરા સાથે મળીને ઘરકામ બાબતે ઝઘડો કરી ગાળો બોલતા હોય છે. પરિણીતાની ફરીયાદના આધારે તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ‘રક્ષાબંધન’ નિમિતે બાળકો ઘરની વસ્તુઓનો ઉપયોગ કરી ‘ઈકો ફ્રેન્ડલી રાખડી’ તૈયાર કરી શકે તે માટે ગીર ફાઉન્ડેશન દ્વારા ‘ઈકો રાખી મેકિંગ એક્ટિવિટી’ યોજાઈ

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા ‘રક્ષાબંધન’ પર્વ નિમિતે પર્યાવરણના જતનની સાથેસાથે ઘરમાં રહેલી વધારાની વસ્તુઓનો ઉપયોગ કરીને બાળકો ‘ઈકો ફ્રેન્ડલી’ રાખડી તૈયાર કરી શકે તેવા હેતુથી ’ગીર’ ફાઉન્ડેશન, ગાંધીનગરના ઉપક્રમે ઈન્દ્રોડા ખાતે ‘ઈકો રાખી મેકિંગ એક્ટિવિટી’ યોજવામાં આવી હતી. જેમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે આવેલા અંદાજે ૪૦ થી ૫૦ જેટલા બાળકો સહિત તેમના વાલીઓ અને યુવાનોએ પણ આ એક્ટિવિટીમાં સહભાગી થઈને અલગ અલગ પ્રકારની ઈકો ફ્રેન્ડલી સુંદર રાખડીઓ તૈયાર કરી હતી.

નાગરીકોને સાતત્યપૂર્ણ જીવનશૈલી અપનાવવા, પર્યાવરણ પ્રત્યે સવાંદનશીલતા લાવવા અને ’મિશન લાઈફ’ના ઉદ્દેશને સાકાર કરવા ગીર ફાઉન્ડેશન દ્વારા વર્ષ દરમિયાન આ પ્રકારની અલગ અલગ થીમ આધારિત નવતર પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ રાખી મેકિંગ એક્ટિવિટીમાં બાળકો પોતાની જાતે કેવી રીતે ઘરની વસ્તુઓનો ઉપયોગ કરીને નવા આઈડિયા સાથે રાખડી તૈયાર શકે છે તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જૂના તોરણના મોતી,મણકા,નળાસરી, પિસ્તાની છાલ,ન્યુઝ પેપર વગેરેનો ઉપયોગ કરીને મનગમતી રાખડીઓ પણ બનાવવાનું શીખવાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ છોડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું તેમ, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરની યાદીમાં જાણવાયું છે.

-જનક દેસાઈ




# ગાંધીનગરમાં આંગણવાડી બહેનોની આક્રોશ રેલી અને ધરણાં પ્રદર્શન યોજાયા

## પડતર માંગણીઓ ઉકેલવા સરકાર સમક્ષ માંગ કરાઈઃ સત્યાગ્રહ છાવણીમાં આંગણવાડી બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા આજે સોમવારે ગાંધીનગર ખાતે રેલી યોજાઈ હતી. જે રેલી ગાંધીનગર ઘ ૧.૫ સર્કલ થી સત્યાગ્રહ છાવણી સુધી ગઈ હતી. બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધીનો કાર્યક્રમ નકકી કરાયો હતો.

ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રેલી અને જાહેરસભા યોજાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં પોલીસ બંદોબસ્ત સાથે રેલી કાઢવામાં આવી હતી. રાજયભરની આંગણવાડીમાં કામ કરતી મહિલાઓના કેટલાક મહત્વના પ્રશ્નો ઘણા સમયથી અનિર્ણિત છે અને તે વિષયો પર સરકારના જુદા જુદા અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવા છતાંય ઉકેલાયા નથી. જેના પગલે આજે સોમવારે ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાતભરમાંથી આંગણવાડીમાં કામ કરતી મહિલાઓ પોતાના પ્રશ્નોને વાચા આપવા વિશાળ આક્રોશ રેલી કાઢી હતી.

બાદમાં સેકટર ૬ સત્યાગ્રહ છાવણી ખાતે સમાપન સભા યોજી એક પ્રતિનિધિ મંડળ દ્વારા મહિલા બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ સચિવને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. આંગણવાડી બહેનોએ એવી માંગ કરી હતી કે તેમના પર વધારાની કામગીરીનુ ભારણ અને આધુનિક સાધનોની અછતને કારણે તેમની પ્રાથમિક જવાબદારીઓ પુર્ણ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ વિરોધ પ્રદર્શન દ્વારા તેમની સમસ્યાઓ સરકાર સમક્ષ મુકવાનો હેતુ છે. આ ઉપરાંત એફઆરએસ માં સ્માર્ટ ફોનની અછત અને તેની સાથે જોડાયેલી તકનીકી સમસ્યાઓને લઈને પણ રોષ વ્યકત કરવામાં આવ્યો હતો.

ભારતીય કર્મચારી મહાસંઘના નેજા હેઠળ આ સત્યાગ્રહ ગાંધીનગરની છાવણી ખાતે રેલી યોજવામાં આવી હતી જેમાં રાજયભરની આંગણવાડી કર્મચારી બહેનો જોડાઈ હતી. ગુજરાતની આંગણવાડી બહેનો સહાયકોના હક્કો અને સમાનતાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો જે ૨ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ પસાર થયો હતો અને ૩૦ ઓકટોબર ૨૦૨૪ ના રોજ પોર્ટલ પર અપલોડ થયો હતો. આ ચુકાદા દ્વારા આંગણવાડી કર્મચારીઓને સ્થાયી સરકારી નોકરીના હક્કદાર તરીકે ઓળખવામાં આવ્યા છે જેનાથી તેમની લાંબા સમયથી ચાલતી માંગણીઓને મજબુતી મળી છે. હાઈકોર્ટે સરકારોને આ નીતી ૬ મહિનાની અંદર (૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી) ઘડવાનો આદેશ આપ્યો હતો. જેના આધારે આંગણવાડી કર્મચારીઓની સ્થિતિમાં સુધારો થઈ શકે. પરંતુ આ ચુકાદાનુ પાલન ન થવા પર આજે સોમવારે આંગણવાડી બહેનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# સેન્દ્રીય ખેતીમાં સર્ટિફિકેશનની કામગીરી કરાવતા ખેડૂતોને ગુજરાત સરકાર તરફથી મળશે ખર્ચના ૭૫ ટકા સુધીની સહાય

## APEDA માન્ય સંસ્થાઓ ખાતેથી સર્ટિફિકેશનની કામગીરી કરાવતા ખેડૂતોએ સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે

ગુજરાતની ધરતીને રસાયણમુક્ત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી ઉપરાંત સેન્દ્રીય ખેતીને પણ પ્રોત્સાહન આપવા અનેકવિધ પગલાઓ હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં “સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના” હેઠળ APEDA દ્વારા માન્ય કરાયેલી સંસ્થાઓ મારફતે સર્ટિફિકેશન કરાવવાની પ્રક્રિયામાં ખેડૂત મિત્રોને રજીસ્ટ્રેશન માટે થતા ખર્ચમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે.

APEDA માન્ય ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી (GOPCO) ખાતે સર્ટિફિકેશન માટે ખેડૂતોને થતા ખર્ચમાંથી ૭૫ ટકા સુધીની એટસોર્સ સહાય-સબસીડી આપવામાં અને ખેડૂતોએ માત્ર ૨૫ ટકા જ નાણા ભરવાના રહે છે. જ્યારે, APEDA માન્ય અન્ય સંસ્થાઓ ખાતે સર્ટિફિકેશનની કામગીરી કરાવતા ખેડૂતોએ સહાય માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની હોય છે. જેમાં પાત્રતા ધરાવતા ખેડૂતોને ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૨,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં સહાય સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ ઉપરાંત APEDA માન્ય તમામ સંસ્થા પાસેથી જે ખેડૂતો દ્વારા સેન્દ્રીય ખેતી સંબંધીત સર્ટિફિકેટ મેળવવામાં આવ્યા હોય, તેવા ખેડૂતોને “સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના” હેઠળ વાર્ષિક ધોરણે પ્રોત્સાહન રૂપે પ્રતિ હેક્ટર રૂ. ૫,૦૦૦ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ઈનપુટ સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. જે માટે APEDA માન્ય સંસ્થાઓ પાસેથી સેન્દ્રીય ખેતી સંબંધિત સર્ટિફિકેટ મેળવ્યું હોય તેવા તમામ ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહે છે.

આ યોજના હેઠળ સહાય મેળવવા માટે રાજ્યમાં સેન્દ્રીય ખેતીમાં સર્ટિફિકેશનની કામગીરી કરાવતા ખેડૂતોને ઉક્ત બંને ઘટકોની સહાયનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા ખેતી નિયામકની કચેરી દ્વારા અપીલ કરવામાં આવી છે. સેન્દ્રીય ખેતીની યોજના હેઠળના રજીસ્ટ્રેશન/સર્ટિફિકેશન સહાય અને ઈનપુટ સહાય માટેની અરજીઓ મેળવવા માટે પોર્ટલ સતત ખુલ્લું રાખવામાં આવ્યું છે.

- નિતિન રથવી

# રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીએ ધોલેરા-ભાવનગર કનેક્ટિવિટી પ્રોજેક્ટ પર સભામાં નકશો કાઢી ત્વરિત નિર્ણય લીધો



ભાવનગરની મુલાકાતે આવેલા કેન્દ્રીય રેલ, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ તથા માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીએ ધોલેરા-ભાવનગર રેલ કનેક્ટિવિટીના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી.

માનનીય મંત્રી, જેમને તેમના વ્યવહારુ દ્રષ્ટિકોણ અને કાર્યક્ષમતા માટે ઓળખખવામાં આવે છે, સંવાદ દરમિયાન સ્થળ પર જ નકશો કાઢીને જોયો અને ત્યાં જ તે સમયે પ્રોજેક્ટને અંતિમ મંજુરી આપી – જે તેમની ત્વરિત કામગીરી અને પ્રતિબદ્ધતાનું અનોખું ઉદાહરણ છે.

મંત્રિજીએ લીધેલો આ ઝડપી નિર્ણય ધોલેરા-ભાવનગર કનેક્ટિવિટી રેલ પ્રોજેકટની તાત્કાલિક સમીક્ષા અને ‘વિકસિત ભારત’ માટેના મહત્વાકાંક્ષી વિકાસ પ્રયાસોને તેજ આપવાના સંકલ્પને દર્શાવે છે.

ધોલેરા અને ભાવનગર માટે સારી કનેક્ટિવિટી, તેની લોજિસ્ટિક કાર્યક્ષમતા અને આર્થિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ નિર્ણયથી સરકારના મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સમાં ઝડપ લાવવાનો દ્રઢ સંકલ્પ સ્પષ્ટ થાય છે.

● વિકસિત ભારત સંવાદઃ ભાવનગરના મુદ્દાઓ અને વિકાસ અંગે ચર્ચા

વિકસિત ભારત સંવાદ અંતર્ગત ભાવનગરના સ્થાનિક ઉદ્યોગકારો અને નાગરિકોએ મંત્રિજી સાથે શહેરની સમસ્યાઓ અને ઈન્ફ્રાસ્ટ્રકચર જરૂરિયાતો અંગે ચર્ચા કરી.

FTR (ફ્રી ટ્રેડ રિપ્રેઝેન્ટેટિવ) સંબંધી પ્રશ્નના જવાબમાં મંત્રીએ ખાતરી આપી કે ભવિષ્યમાં FTR સંબંધિત કોઈ પણ સમસ્યા નહીં રહે.

તેમણે ભાવનગરમાં કન્ટેનર પોર્ટ વિકસિત કરવાનું જાહેર કર્યુ, જે ક્ષેત્રના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

જ્યારે ભાવનગરમાં STPI (સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા) મારફતે IT પાર્ક સ્થાપવાની માગણી ઉઠી ત્યારે મંત્રીએ તત્કાલ સંબંધિત અધિકારીને ફોન કરીને આ સુવિધાને મંજૂરી આપવા માટે હકારાત્મક દૃષ્ટિકોણ દાખવ્યો.

# અમદાવાદના જુહાપુરામાં સામાન્ય ઝઘડામાં ૨૦ વર્ષીય યુવકની કારપીણ હત્યાઃ ૫ આરોપી શખ્સો ફરાર



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ગઈ કાલે રવિવારે મોડી રાત્રે પાડોશીના ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કરતા ૨૦ વર્ષના યુવકની ચપ્પાના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતક સુફીયાનને આર્યન આરીફ ખલીફા અને અન્ય ચાર અજાણ્યા લોકોએ ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા, આ પાંચેય આરોપીઓ હાલમાં ફરાર છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આરોપીઓએ સુફીયાનના ઘર પાસે પાન મસાલા થુંકતા સુફીયાનના પિતા સાથે તેમની બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી એટલી હદે વધી ગઈ કે આરોપીઓએ સુફીયાનના પિતા પર હુમલો કરવાનુ શરૂ કરી દીધુ હતું. પોતાના પિતાને બચાવવા માટે સુફીયાન વચ્ચે પડયો ત્યારે આરોપીઓએ તેના પર ચપ્પા વડે અનેકવાર હુમલો કરી ઈજા પહોચાડી હતી. ઘાયલ સુફીયાનને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પીટલ ખસેડાયો હતો જયાં ટુંકી સારવાર દરમિયાન તેનુ મોત નિપજયુ હતું. ઉલ્લેખનીય છે કે સુફીયાનના પિતાને પણ આ ઝપાઝપીમાં ઈજા થઈ હતી, આસપાસના પાડોશીઓ અને ત્યાંથી પસાર થતા લોકોએ ઈજાગ્રસ્ત પિતા પુત્રને તાત્કાલીક હોસ્પીટલ પહોંચાડયા હતા. જયાં ડોકટરોએ સુફીયાનને મૃત જાહેર કર્યો હતો અને સુફીયાનના પિતા હાલ સારવાર હેઠળ છે અને તેમની હાલત સ્થિર હોવાનુ જાણવા મળ્યુ છે. ઘટનાની જાણ થતા જ વેજલપુર પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી અને હત્યાની તપાસ શરૂ કરી હતી. એક વરીષ્ઠ પોલીસ અધિકારીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આરોપીઓ અને પીડીતો પાડોશી હતા, ઝઘડો શરૂઆતમાં પાન મસાલા થુંકવા જેવી સામાન્ય બાબત પર થયો હતો પરંતુ બંને પરીવારો વચ્ચેના જુના તણાવને કારણે તે ઝડપથી હિંસક બન્યો, પોલીસે આ કેસમાં આર્યન આરીફ ખલીફાની ઓળખ કરી છે જયારે અન્ય ચાર આરોપીઓની ઓળખ હજુ સુધી થઈ નથી, હત્યા અને હુમલાનો કેસ નોંધીને પોલીસે સાક્ષીઓના નિવેદનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સ્તંભેશ્વરમાં યાત્રી સુવિધાના બે કરોડ રૂપિયાના કામો થયા છે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના પ્રાચીન તીર્થક્ષેત્ર સ્તંભેશ્વર મહાદેવના શ્રાવણી સોમવારે દર્શન-પૂજન કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે ભરૂચ જિલ્લાના પ્રાચીન તીર્થક્ષેત્ર સ્તંભેશ્વર મહાદેવના શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્જન અને યજ્ઞમાં આહૂતિ આપી હતી.

ભરૂચ જિલ્લામાં વિકાસકામોના લોકાર્પણ-ખાતમૂહર્ત કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ સ્તંભેશ્વર મહાદેવના દર્શનથી કર્યો હતો.

તેમણે ભગવાન ભોળાનાથ પાસે સૌના કલ્યાણ અને રાષ્ટ્ર-રાજ્યની અવિરત પ્રગતિની પ્રાર્થના કરીને મંદિર પરિસરમાં દર્શનાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ વાતચીત કરી હતી અને યાત્રિકોને મંદિર દ્વારા થતા પ્રસાદ વિતરણમાં જોડાયા હતા.

ભરૂચના જંબુસર તાલુકાના કંબોઈ ગામ નજીક મહી નદી સમુદ્રને મળે છે તે સ્થળે નદી અને સમુદ્રના સંગમ નજીક આ પ્રાચીન તીર્થક્ષેત્ર સ્તંભેશ્વર મહાદેવ સ્થિત છે. મંદિરના શિવલિંગ પર દિવસમાં બે વાર દરિયાના ભરતીના પાણીનો આપમેળે અભિષેક થાય છે.

આ તીર્થક્ષેત્રના દર્શન માટે આવતા યાંત્રિકોની સગવડ માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા બે કરોડ રૂપિયાના ખર્ચે મલ્ટી પર્પસ હોલ, પેવર બ્લોક્સ તથા યાત્રિકોને બેસવા માટે બેન્ચીસ વગેરે સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલું છે.

મુખ્યમંત્રીશ્રી સાથે આ આ મૂલાકાત વેળાએ ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી, પૂર્વ મંત્રી શ્રી છત્રસિંહ મોરી અને પદાધિકારીઓ તથા સ્તંભેશ્વર મહાદેવના મહંત શ્રી વિદ્યાનંદજી મહારાજ અને સંતો પણ જોડાયા હતા.



# દેશના યશસ્વી વડાપ્રધાન અને વૈશ્વિક નેતા નરેન્દ્રભાઈ મોદીનાં શિક્ષણ યજ્ઞને આગળ ધપાવતા શાળાઓમાં શિક્ષણ સરિતા પ્રકલ્પ શુભારંભ કરવામાં આવ્યો: અમદાવાદ શિક્ષણ સમિતિનાં ચેરમેન દીકપાલસિંહ ચુડાસમા

કરસન સોલંકી દ્વારા,
અમદાવાદ, તા.૫




ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણના બંધારણીય સંકલ્પ સાથે શાળાઓના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ હેતુ રાજ્યમાં અનેકવિધ પ્રકલ્પો અમલમાં છે. આ શૈક્ષણિક પ્રકલ્પોનું શાળાકક્ષાએ સુચારુ રૂપે અમલીકરણ થાય તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારી શાળાઓને પ્રોત્સાહન મળે અને બાળકોનું પાયાગત શિક્ષણ સુદ્રઢ બને એવા ઉમદા આશયથી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ - અમદાવાદ દ્વારા 'શાળા વ્યવસ્થાપન સમિતિ નવસંસ્કરણ શિબિર' અને 'શ્રેષ્ઠ શાળા સન્માન' તેમજ 'શિક્ષણ સરિતા' પ્રકલ્પ શુભારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન દીકપાલસિંહ ચુડાસમાએ કાર્યક્રમના માધ્યમથી જણાવ્યું હતું કે આપણા યશસ્વી વડાપ્રધાન અને વૈશ્વિક નેતાનાં શિક્ષણ યજ્ઞથી નામાંકનમાં સફળતા મળી તેને આગળ ધાપાવતા અદાવાદ જિલ્લાની શાળાઓમાં શિક્ષણ સરિતા પ્રકલ્પ શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

તેમણે ગુજરાત સરકારનાં શિક્ષણને વેગ આપવાના પ્રયાસને બિરદાવતા કહ્યું હતું કે અમદાવાદ જિલ્લાની ગામડાની શાળાઓને મદદ કરતા ગામની વ્યવસ્થાપન સમિતિ(SMC) પ્રમુખોની અને ઉત્તમ કામ માટે શાળાઓને અભિનંદન પાઠવી ટ્રોફી એનાયત કરી હતી. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર ચુડાસમા એ પ્રેરણાદાયક પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે જિલ્લા પંચાયત પ્રમુખ કંચનબા વાઘેલા, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ દાવડા, અમદાવાદ જિલ્લાનાં ધારાસભ્ય ઓ બાબુભાઈ પટેલ, બાબુસિંહ જાદવ, કાળુભાઈ ડાભી, કનુભાઈ પટેલ, કિરીટસિંહ ડાભી, હાર્દિકભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે સહીત અમદાવાદ જિલ્લાના ટીપીઓ, શાસના અધિકારી મોટી સંખ્યમાં શિક્ષકો આચાર્યા હાજર રહ્યા હતાં.

# સીસીટીવી કુટેજ મુદ્દે માહિતી આયોગનો મહત્વનો ચુકાદો: ગુજરાત પોલીસને હવે ૩૦ દિવસની અંદર આરટીઆઈ કરી હશે તો સીસીટીવીની માહિતી આપવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર




સીસીટીવી કુટેજને લઈ માહિતી આયોગે મહત્વનો ચુકાદો આપ્યો છે. ઘટનાના ૩૦ દિવસમાં આરટીઆઈ થાય તો કુટેજ યોગ્ય રીતે સાચવવા સુચના કરાઈ છે, આરટીઆઈ અરજદાર દ્વારા માંગવામાં આવેલા કુટેજનો નાશ થાય તો કાર્યવાહી થશે.

સામાન્ય વહિવટ વિભાગના સીસીટીવી કુટેજ અંગેના પરીપત્રનો ચુસ્ત અમલ કરવા આયોગ દ્વારા સુચના અપાઈ છે. પોલીસ દ્વારા આરટીઆઈ હેઠળ સીસીટીવી કુટેજ ન આપવાની ફરીયાદોના આધારે રજુઆતના આધારે રાજય માહિતી આયોગે આ ચુકાદો આપ્યો છે.

યહેર કોટડા પોલીસ સ્ટેશનના સીસીટીવી અંગે ફરીયાદ થઈ હતી. ઘટના બન્યાના ૩૦ દિવસના સીસીટીવી કુટેજ સાચવી રાખવા સુચના અપાઈ છે, સીસીટીવી કુટેજ ઉપલબ્ધ કરાવવા બાબતે ફરી પરીપત્ર કરવા રાજય પોલીસ વડા સહિત અધિકારીઓને માહિતી આયોગે સુચના આપી છે. આયોગે સ્પષ્ટ પણે જણાવ્યુ છે કે જો ઘટના બન્યાના ૩૦ દિવસની અંદર આરટીઆઈ અરજી મળે તો સીસીટીવી કુટેજ સાચવી રાખવાના થાય છે, આયોગે ચીમકી આપી છે કે જો તમે કરવામાં ચુક થશે તો આયોગ કલમ ૨૦ હેઠળ ખાતાકીય તપાસ અંગેની કાર્યવાહી હાથ ધરાશે અને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ નીચે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા હુકમ કરશે. આયોગે ચુકાદામાં પોલીસ મહાનિર્દેષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને સુચના આપી છે કે અગાઉ આપેલ સુચનાઓ પુનઃ પરીપત્ર કરવામાં આવે અને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને જાણ કરવામાં આવે.

આરટીઆઈ અરજદાર દ્વારા માંગવામાં આવેલ કુટેજનો નાશ થાય તો ખાતાકીય તપાસ અને દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સામાન્ય વહિવટ વિભાગના સીસીટીવી કુટેજ અંગેના પરીપત્રનો ચુસ્તતાથી અમલ કરવા પોલીસ વિભાગને સુચના આપી છે. ઘટના બન્યાના ૩૦ દિવસની અંદર આરટીઆઈ દાખલ થાય તો સીસીટીવી ના કુટેજ યોગ્ય રીતે સાચવી રાખવા માટે માહિતી આયોગે હુકમ કરેલ છે.

ગુજરાતમાં નાગરીકો આરટીઆઈ કાયદા દ્વારા અવાર નવાર પોલીસ સ્ટેશનના સીસીટીવી કુટેજની માંગણી કરતા હોય છે. ઘણીવાર પોલીસ સ્ટેશનમાં નાગરીકો સાથે ગેરવર્તણુંક અથવા દુર્વ્યવહારને સાબિત કરવા અથવા તેમના કેસ સંદર્ભે મહત્વના પુરાવા બની શકે તેમ હોય છે. પરંતુ પોલીસ વિભાગ દ્વારા કંઈક કારણ દર્શાવી આ કુટેજ આપવામાં આવતા નથી અને અરજદારોને પ્રથમ અપીલ અને ત્યારબાદ બીજી અપીલ કરી આયોગ સુધી આવવુ પડતુ હોય છે. તાજેતરમાં ગુજરાત રાજય માહિતી આયોગ દ્વારા આ બાબતની ગંભીરતાથી નોંધ લઈને નાગરીકોને પોલીસ સ્ટેશનથી સીસીટીવી કુટેજ મળે તે અંગેનો જીએડીનો તા. ૬/૫/૨૦૨૨ નો ક્રમાંક વવઅ/૧૦૨૦૨૨/૧૩૬/ આરટીઆઈ/ સેલ દ્વારા બહાર પાડવામાં આવેલ પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવા માટે કહ્યુ છે.

એક નાગરીક દ્વારા પોલીસ સ્ટેશનમાં તેમની સાથે ગેરવર્તણુંક થવાથી શહેર કોટડા પોલીસ સ્ટેશનના સીસીટીવી કુટેજની નકલ મેળવવા આરટીઆઈ કરી હતી તેમને માહિતી ન મળતા તેમણે માહિતી આયોગમાં સીધી ફરીયાદ દાખલ કરી હતી. ટેકનીકલ ફોલ્ટના લીધે રેકોર્ડીંગ ડીલીટ થયુ હોવાથી સીસીટીવી કુટેજ આપી શકાય નહી તેવી રજુઆત સુનાવણી દરમિયાન આયોગ સમક્ષ કરવામાં આવી હતી. આયોગે ચુકાદામાં જણાવ્યુ છે કે આવી અરજીઓ અવાર નવાર મળતી હોય છે સીસીટીવી કુટેજ જાળવવા માટે જીએડી દ્વારા જે પરીપત્ર કરવામાં આવ્યો છે કે જયારે આરટીઆઈ આવે ત્યાં સુધી સાચવવા જોઈએ, વધુમાં આ સંબંધે પોલીસ મહાનિર્દેશક દ્વારા પણ સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે છતાં પણ કોઈપણ કારણ બતાવીને સીસીટીવી કુટેજ આપવામાં આવતા નથી તે યોગ્ય નથી.

આયોગે કહ્યુ કે જીએડી ના પરીપત્ર અને વિભાગની સુચનાઓનુ ચુસ્તપણે અમલ થાય તો જ સીસીટીવી લગાવવાનો હેતુ બર આવશે, તેથી તા. ૧૯/૭/૨૦૨૫ ના રોજ હુકમ કર્યો છે કે પોલીસ સ્ટેશનના અધિકારી કે કર્મચારી યેન કેન પ્રકારે કોઈપણ કારણો આગળ ધરીને કુટેજ આપતા નથી. જે અયોગ્ય છે અને માહિતી આયોગને જાહેર માહિતી અધિકારી તેમજ પ્રથમ અપીલ અધિકારી સામે આરટીઆઈની કલમ ૨૦ હેઠળ દંડ અને શિક્ષાની કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે.

## વિસાવદરમાં ગેરરીતી બદલ ૩ સસ્તા અનાજની દુકાનોના લાયસન્સ રદ કરાયા

# ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ જુનાગઢ પુરવઠા વિભાગમાં સર્જાયો: ગોપાલ ઈટાલીયાના આક્ષેપ બાદ પુરવઠા વિભાગ દોડતુ થયું

પ્રતિનિધિ,ગાંધીનગર




ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ જુનાગઢ જિલ્લાની પુરવઠા અધિકારીની કચેરીમાં સર્જાયો છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ સસ્તા અનાજની દુકાનોમાં ઓછુ અનાજ મળવા અને બારોબાર અનાજ વેચી દેવા અંગે આક્ષેપ કર્યા હતા. ત્યારબાદ પુરવઠા વિભાગ સફાળુ જાગ્યુ છે, ગઈ કાલે રવિવારે રજાના દિવસે પણ પુરવઠા તંત્રએ કુંભકર્ણની નિંદમાંથી જાગી વિસાવદર પંથકના વિવિધ ગામડાઓમાં સસ્તા અનાજની દુકાનોનુ ચેકીંગ કર્યુ હતું. તપાસ દરમિયાન માંગનાથ પીપળી, મોટી પીંડાખાઈ અને કાંકચીયાળા ૩ ગામડાઓમાં તપાસ દરમિયાન ૩ દુકાનોમાંથી નિયત કરતા ઓછો અનાજનો જથ્થો મળી આવતા દુકાનદારોનુ લાયસન્સ રદ કરવામાં આવ્યુ છે. જો કે તપાસ દરમિયાન ત્રણેય એક જ વેપારી ત્રણેય દુકાનનુ સંચાલન કર્યુ હોવાનુ બહાર આવ્યુ હતું. જુનાગઢ જિલ્લા પુરવઠા અધિકારી કિશન ગરસર ના માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગની ટીમોએ ગઈ કાલે રવિવારે વિસાવદર પંથકના વિવિધ તાલુકામાં સસ્તા અનાજના વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધર્યુ હતું. પુરવઠા વિભાગની કુલ ૬ ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ચીફ સપ્લાય ઈન્સ્પેકટર દ્વારા વિસાવદર તાલુકાના માંગનાથ પીપળી, મોટી પીંડાખાઈ અને કાંકચીયાળા ૩ ગામોમાં આવેલી સસ્તા અનાજની દુકાનનુ નિરીક્ષણ કરતા ઓનલાઈન જથ્થા કરતા વાસ્તવિક જથ્થો ઓછો જોવા મળ્યો હતો. જેને કારણે ત્રણેય દુકાનના લાયસન્સ રદ કરવામાં આવ્યા હતા. પુરવઠા વિભાગે તપાસ કરતા ત્રણેય દુકાનના સંચાલક મહેન્દ્રભાઈ ડોબરીયા હોવાનુ બહાર આવ્યુ હતું. જેમાં મોટી પીંડાખાઈ ગામમાં તેની પાસે રેગ્યુલર લાયસન્સ હતુ જયારે કાંકચીયાળાની દુકાન ચાર્જમાં હતી. તો માંગનાથ પીપળી બ્રાન્ચ દુકાન એફપીએસ માં હોવાથી તે પણ ચાર્જમાં હોવાનુ જાણવા મળ્યુ હતું. પુરવઠા તંત્ર એ ત્રણેય દુકાનના લાયસન્સ રદ કરી વધુ તપાસ શરૂ કરી છે તેમજ અનાજ વિતરણની વ્યવસ્થા ખોરવાય નહી તે માટે અન્ય દુકાનદારોને સંચાલન સોંપવાની તજવીજ શરૂ કરી છે. પુરવઠા વિભાગના દરોડાથી થયેલ કાર્યવાહીથી અનાજ વિતરણમાં ગોલમાલ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# ઈડર તાલુકા પંચાયત બિલ્ડીંગ રૂ.૩.૫૦ કરોડના ખર્ચે એક વરસની અંદર અદ્યતન સુવિધા સગવડ સાથે સુપ્રત કરાશે: તાલુકા પંચાયતનુ થયુ ખાતમુહુર્ત

### નવનિયુકત તાલુકા પંચાયતમાં આરસીસી રોડ, ગાર્ડન, વાહનો પાર્કિંગ માટેની અલાયદી સગવડ સાથે ૨૪ કલાક પાણીના બોરની સુવિધા રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આજે સોમવારે ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે તાલુકા પંચાયત બિલ્ડીંગ માટેનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતું. રાજય સરકારના પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જિલ્લાના ઈડર ખાતે ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર લલીત નારાયણ સીંધ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ કાંતીભાઈ પટેલ સહિત મહાનુભાવોની હાજરીમાં ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ અંગે પંચાયત વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર સંજય પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઈડર તાલુકા પંચાયત કચેરી માટે રૂપીયા ૩.૫૦ કરોડ ખર્ચવાનો અંદાજ આંકવામાં આવ્યો છે. બિલ્ડીંગમાં ફર્સ્ટ ફલોર-સેકન્ડ ફલોર સાથે ૨૪ કલાક પાણી મળી રહે તે માટે સ્વતંત્ર પાણીના બોરની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ બિલ્ડીંગની ચારેય તરફ મુલાકાતીઓ માટે ગાર્ડન ની સાથે કંમ્પાઉન્ડ વોલ અને સીકયુરીટી ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે બિલ્ડીંગ તૈયાર થઈ ગયા બાદ રૂપીયા ૨૦ લાખના ખર્ચે ફર્નીચર લગાડયા બાદ અંદાજે એક વરસની અંદર બિલ્ડીંગ સોપી દેવામાં આવશે.



# ફઈ ભત્રીજીના અપહરણમાં સામેલ વકીલનો આપઘાતનો પ્રયાસ: રાજકોટ લાવતા વકીલ ઉલ્ટીઓ કરવા લાગ્યો: ફઈ જેલ હવાલે

પ્રતિનિધિ,ગાંધીનગર




શહેરમાં ચર્ચાસ્પદ બનેલા ફઈ ભત્રીજીના અપહરણ પ્રકરણમાં ફઈ દ્વારા જ ભત્રીજીનુ અપહરણ કરાયાનું ઘટસ્ફોટ થયા બાદ પોલીસે ફઈ રીમા માખાણીની ધરપકડ કરી હતી. પુછપરછમાં અપહરણ ના આ પ્લાનમાં વકીલે પણ મદદગારી કર્યાનુ માલુમ પડયુ હતું. જેથી પોલીસે હાલ ઈન્દોરમાં રહેલા રાજકોટના આ વકીલની ધરપકડ કરે તે અગાઉ જ તેણે ઝેરી દવા પી લીધી હતી જેથી હોસ્પીટલ ખસેડાયો હતો.

દરમિયાન આજ રોજ પ્રહલાદનગર પોલીસે વકીલ રવીરાજસિંહ ઝાલાને રાજકોટ લાવી હતી, રાજકોટ પહોચતા જ વકીલ ઉલ્ટી કરવા લાગતા તેને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણમાં રીમા અને એડવોકેટ રવીરાજસિંહ બંને સામે અપહરણ અને કાવતરાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે રાજકોટ શહેરના એરપોર્ટ રોડ પર અલકાપુરી મેઈન રોડ પાસે રહેતા વેપારી રીયાઝભાઈ ફીરોજભાઈ માખાણી (ઉ.વ.૪૨) ની ૬ વરસની દિકરી અનાયા અને ૪૪ વરસના તેમના બહેન રીમાબહેન ગઈ તા. ૨૪ ના રોજ ગુમ થયા હતા અને તા. ૩૧ ના રોજ બંને ઈન્દોરથી મળી આવ્યા હતા. રાજકોટ આવ્યા બાદ રીમાબેનને પોતાના ભાઈ અને પોલીસ સમક્ષ કબુલ કર્યુ હતુ કે કોઈ બુકાનીધારી શખ્સ છરી બતાવી ફન વર્લ્ડ નજીકથી તેને તથા અનાયાને ઉઠાવી ગયો હતો જો કે પ્રથમ થી જ આ વાત પોલીસને ગળે ઉતરતી ન હતી જેથી પોલીસે રીમાને ફરીયાદી બનાવી ન હતી.

આ અંગે પ્રહલાદનગરમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણનો ગુન્હો નોધ્યો હતો પોલીસે રીમા માખાણીની સઘન પુછપરછ કરતા આ ભેદભરમ ભર્યા બનાવ પરથી પડદો ઉંચકાયો હતો. રીમાએ એવી હકીકત જણાવી હતી કે પોતાની મિલ્કતમાંથી ભાઈ રીયાઝ હીસ્સો આપતો ન હોવાથી તેણે રેલ નગરમાં રહેતા એડવોકેટ રાજવીરસિંહ ઝાલાનો સંપર્ક કર્યો હતો અને કાનુની રીતે મિલ્કતમાંથી હિસ્સો મેળવવા શકય ન જણાતા રીયાઝ પાસેથી પૈસા પડાવવા અપહરણનુ કાવતરૂ રચ્યુ હતું. જો કે રીમા અને ભાઈ રીયાઝ વચ્ચે મિલ્કત કારણે સારા સંબંધ નહી હોવાથી રીમાનુ અપહરણ થાય તો પૈસા ન મળે તે માટે અનાયાને પણ સાથે ઉઠાવી લેવાનુ નકકી થયુ હતું અને તે માટે રીમાએ એડવાન્સ પેમેન્ટ પેટે એડવોકેટ રાજવીરસિંહ ઝાલા ને રૂપીયા ૧૫ લાખ ચુકવ્યા હતા.

પ્રકરણ અંગે રાજકોટ પોલીસ સ્ટેશને તપાસ હાથ ધરતા એડવોકેટ રાજવીરસિંહ આ ફઈ ભત્રીજીને મુકી જતો રહ્યો હતો. બાદમાં તેણે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તો બીજી તરફ આ મામલે પોલીસે રીમા અને રાજવીરસિંહ બંને વિરૂધ્ધ અપહરણ ઉપરાંત કાવતરાની કલમનો ઉમેરો કર્યો હતો. રીમાને જેલ હવાલે કરવામાં આવી છે.

# ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખને આવકારવા માટે તડામાર તૈયારીઓ : ચાલુ અઠવાડીયામાં ફાઈનલ થઈ જશે

## નવા પ્રદેશ પ્રમુખ માટે લોકશાહી પ્રક્રિયા અપનાવવા ભાજપના સીનીયર નેતાનો સંકેત: અરજી મંગાવાશે ?

પ્રતિનિધિ,ગાંધીનગર



ભાજપના રાષ્ટ્રીય થી લઈ ગુજરાતના સંગઠન મુદ્દે ગત અઠવાડીયે અચાનક શરૂ થયેલી બેઠકના દોર વચ્ચે શનિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની દિલ્હી મુલાકાતે હવે ગુજરાત ભાજપમાં નિર્ણાયક રીતે નવા પ્રદેશ પ્રમુખ અને મંત્રી મંડળની પુનઃ રચના મુદ્દે પ્રગતિ શરૂ થઈ ગઈ છે તેવા સંકેત મળી રહ્યા છે.

આજે સોમવારે જ ગુજરાત ભાજપ તેના નવા પ્રદેશ પ્રમુખની નિયુકિત અંગે સત્તાવાર રીતે જાહેરાત કરે છે અને સંભવિત શેડયુઅલની પણ જાહેરાત કરી શકે છે. જો કે ઉચ્ચ વર્તુળો મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાતને કર્ટસી મુલાકાત તરીકે દર્શાવી રહ્યા છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વ્યસ્ત શેડયુઅલ વચ્ચે પણ ઓચિંતી મુખ્યમંત્રી સાથેની મુલાકાત ફકત કર્ટસી ન હોય તે નિશ્ચિત છે અને ભાજપના એક ટોચના પદાધિકારીએ જણાવ્યુ હતુ કે પક્ષના નવા પ્રદેશ પ્રમુખની વરણી મુદ્દે સંપૂર્ણપણે લોકશાહી પધ્ધતિથી ગુજરાતમાં આજે સોમવારે સાંજ સુધીમાં જાહેરાત થઈ શકે છે. જેમાં પ્રદેશ પ્રમુખ માટે નામાંકન અથવા તો જેઓને દાવેદારી કરવી હોય તેઓને આગળ આવવા જણાવાશે અને ચાલુ અઠવાડીયા દરમિયાન જ પક્ષના ચુંટણી અધિકારી તરીકે નિયુકત થયેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ પણ સોમવારે રાત્રે ગુજરાત આવી રહ્યા છે અને એક અઠવાડીયામાં જ ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળી જશે. ૨૦૨૩ માં પાટીલની મુદત પુરી થયા બાદ તેમને વર્કિંગ પ્રદેશ પ્રમુખ તરીકે સતત યથાવત રખાયા છે.

પરંતુ હવે ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી રહી છે અને તે જોતા જ હવે પક્ષ માટે નવુ સંગઠન માળખુ રચવુ જરૂરી છે. જેમાં હવે પ્રદેશ પ્રમુખ નિયુકત થયા બાદ તેમની નવી ટીમ જિલ્લા અને મહાનગરકક્ષાએ પણ હાલ નિયુકિત થઈ ગઈ છે. તે પછી તેમની ટીમને પણ નવા પ્રદેશ પ્રમુખ નિયુકત કરશે તો બીજી તરફ મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાતે મંત્રી મંડળની વિસ્તરણની ચર્ચાએ જોર પકડયુ છે.

ખાસ કરીને જે રીતે કેટલાક સમયથી રાજયમાં રોડ રસ્તા તેમજ પ્રજાના કામો ન થતા હોવાને લઈ વિપક્ષ સરકારને ચારેય તરફ ઘેરી રહ્યો છે અને સરકારને ભીસમાં મુકવા વિપક્ષો પ્રયત્ન કરી રહ્યા છે અને કોંગ્રેસનુ સંગઠન માળખુ તેમજ આમ આદમી પાર્ટી પણ રાજયમાં જોર લગાવી રહી છે તેથી ભાજપને હવે સરકાર પક્ષે પણ વધુ સાવધ રહેવુ તેવા સંકેત છે. જો કે તે સપ્ટેમ્બર મહિનામાં થાય કે ઓગસ્ટ મહિનામાં પુરી કરી દેવાય તે અંગે નિર્ણય લઈને આગળ વધારાશે.

તો બીજી તરફ ગુજરાતમાં શરૂ થયેલી ચર્ચાઓ વચ્ચે આજે સોમવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના જાહેર મુલાકાતના તમામ કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા હતા , તેઓ અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોવાનુ જણાવાયુ હતું. સામાન્ય રીતે સોમવારે મુખ્યમંત્રી ગાંધીનગરમાં ધારાસભ્યો, સાંસદો અને ચુંટાયેલા પ્રતિનિધિઓ તેમજ ભાજપના પદાધિકારીઓને મળે છે. પરંતુ આજે તેમનો કાર્યક્રમ રદ કરાયો હતો તો બીજી તરફ મુખ્યમંત્રી સાથે શનિવારે દિલ્હી મુલાકાતમાં ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ જોડાયા હતા. અને તેઓ અલગ થી રાષ્ટ્રીય સંગઠનના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી તેવા પણ અહેવાલો પ્રાપ્ત થયા હતા.

# રાધનપુરમાં વિદેશી દારૂના વેચાણનો યુવરાજસિંહનો આક્ષેપ : પોલીસ ઉપર ઉઠાવ્યા સવાલો



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લાના રાધનપુર ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આયોજીત ગુજરાત જોડો જનસભામાં યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ મંચ પરથી વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. તેમણે આરોપ મુકયો હતો કે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ખુલ્લેઆમ વિદેશ દારૂ વેચાઈ રહ્યો છે.

યુવરાજસિંહ દાવો કર્યો હતો કે રાંધનપુરમાં બુટલેગરો પોલીસના સહકાર થી પોતાનુ દારૂનુ જાળુ ચલાવે છે. પોલીસ તેમની પાસેથી હપ્તા લે છે અને દારૂની ગાડીઓને સુરક્ષા આપે છે, તેમણે ઉલ્લેખ કર્યો હતો કે હપ્તાખોરી અને સાંઠગાંઠથી ધંધો ચલાવી રહેલા બુટલેગરોને પોલીસ પીઠબળ આપે છે. આ નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા સર્જાઈ છે. યુવરાજસિંહના આક્ષેપોના પગલે રાધનપુર પોલીસ ઉપર માછલા ધોવાઈ રહ્યા છે.